# કંપનીઓ આગામી સમયગાળામાં ₹15,000 કરોડના IPO લાવશે

**નવી દિલ્હી:** ચાલુ નાણાકીય વર્ષમાં આઈપીઓ માર્કેટમાં ઊંચી ગતિવિધિ જોવા મળશે. કંપનીઓએ આશરે ₹૧૫,૦૦૦ કરોડના આઈપીઓની યોજના બનાવી છે. દિલીપ બિલ્ડકોન, ન્યૂ દિલ્હી સેન્ટર ફોર સાઈટ, ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસિસ, ક્વેસ કોર્પ, હિન્દુજા લેલેન્ડ ફાઈનાન્સ અને સીવેઝ શિપિંગ એન્ડ લોજિસ્ટિક્સ સહિતની કંપનીઓએ આગામી મહિનામાં આઈપીઓ લાવવાની યોજના બનાવી છે. હાલમાં ૨૫ કંપનીઓએ ₹૧૨,૫૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી છે અને તેણે બજારની નિયમનકારી સંસ્થા સેબી પાસેથી મંજૂરી પણ મેળવી છે, એમ પ્રાઈમ ડેટાબેઝના મેનેજિંગ ડિરેક્ટર પ્રણવ હલ્દિયાએ જણાવ્યું હતું. આઈપીઓ મારફત આશરે ₹૩,૦૦૦ કરોડ એકત્ર કરવા માંગતી બીજી છ કંપનીઓએ સેબીમાં ડ્રાફ્ટ ડોક્યુમેન્ટ આપ્યા છે અને સેબીની મંજૂરીની રાહ જોઈ રહી છે. આ ઉપરાંત બીજી ઘણી કંપનીઓ પણ નજીકના ભવિષ્યમાં ડ્રાફ્ટ પેપર્સ સુપરત કરે તેવી ધારણા છે.